ડીસા ખાતે શ્રી જલારામ યુવા સંગઠન દ્વારા જરૂરીયાતમંદોને પગરખાનું વિતરણ

આજરોજ ડીસાના જલારામ મંદીર ખાતે શ્રી જલારામ યુવા સંગઠન દ્વારા આશરે ચારસો જરૂરીયાતમંદોને પગરખાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ અને હજુ પણ ઉનાળા દરમ્યાન આ પગરખાનું વિતરણ ચાલુ રહેનાર છે.

ડીસા ખાતે આશરે છેલ્લા એક વર્ષથી ચાલતી સામાજી સંસ્થા શ્રી જલારામ યુવા સંગઠન જેઓએ અગાઉ દીવાળી ઉપર કપડા, મિઠાઇનું વિતરણ, ઉનાળામાં મિનરલ વોટરની પરબો તેમજ ડીસા જલારામ મંદીર ખાતે રાહત દરે વેચાનાર શાળાના ચોપડાઓમાં પણ શ્રી જલારામ યુવા સંગઠન કાર્ય કરશે. તેમજ આ સંગઠન દ્વારા કેટલીય સામાજીક પ્રવૃત્તીઓ કરવામાં આવી છે. ત્યારે આજ રોજ ડીસાના જલારામ મંદીર ખાતે આશરે ૪૦૦ જેટલા જરૂરીયાતમંદોને પગરખાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. તેમજ હજુ પણ ઉનાળા દરમ્યાન આ પગરખાનું વિતરણ ચાલુ રહેનાર છે તેવું શ્રી જલારામ યુવા સંગઠન દ્વારા જણાવવામાં આવ્યુ હતુ. તેમજ શ્રી જલારામ યુવા સંગઠનના તમામ કાર્યકરો હાજર રહ્યા હતા.

હરસોલ-તલોદ માર્ગ પર કારની ટક્કરે બાઈકચાલકનું મોત

તલોદ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના હરસોલ તલોદ માર્ગ પર બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું, અન્ય બે વ્યક્તિને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે તલોદ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ આજે બપોરના સુમારે હરસોલ-તલોદ માર્ગ પર હરસોલથી તલોદ તરફ પોતાનું બાઈક નંબર જીજે-૯-સીઈ-૧૧૨૧ લઈને તલોદના વતની માધાભાઈ કુસાભાઈ પરમાર ઉં.વ.૫૦ અને તેમના અન્ય બે મિત્ર બિપિનભાઈ તથા મનુભાઈ બાઈક પર સવાર હતા. ત્યારે સામેની બાજુએથી પુરપાટ ઝડપે આવી રહેલી આઈટેન કારના ચાલકે ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જેમાં બાઈકમાં સવાર માધાભાઈ કુસાભાઈ પરમારનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું જ્યારે અન્ય બે મિત્રોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. મૃતકના ભાઈ શીવાભાઈની ફરિયાદના પગલે તલોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્માના બિસ્માર માર્ગોથી રહીશો ભારે ત્રાહિમામ

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા શહેરના મુખ્ય માર્ગો છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે અને દરરોજ અવરજવર કરતા વાહનચાલકો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને સત્વરે આ બિસ્માર માર્ગોનું રીપેરીંગ કામ કરવા સ્થાનિકો ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલા અનેક જાહેર માર્ગોની સ્થિતિ દયનિય બની છે. અનેક જાહેર માર્ગો પર ઠેર-ઠેર મોટા મોટા ખાડા પડી ગયા છે. પરિણામે મુસાફરોને ઉનાળા અને શિયાળામાં તો આ માર્ગ પર મુશ્કેલી પડે છે. પરંતુ આ ઉપરાંત ચોમાસામાં ભયંકર તકલીફનો સામનો કરવો પડે છે. આથી અનેક નાના-મોટા અકસ્માતો સર્જાય છે. જેમાં કેટલાયના ભોગ લેવાય છે. આથી સ્થાનિકજનોએ તંત્રના અધિકારી વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. અને વહેલામાં વહેલી તકે બિસ્માર માર્ગોનું સમારકામ કરવા ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

ડીસામાં ૧૪ વર્ષીય સગીરા સાથે બળાત્કાર કરનાર યુવક જેલ હવાલે

ડીસા, તા. ૧૨

ડીસાના સિન્ધી કોલોની વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી પરિવારની ૧૪ વર્ષીય સગીરાનું લુહારવાસ ખાતે રહેતા એક યુવકે લલચાવી ફોસલાવી અપહરણ કર્યું હતું. જે બાદ કામધ બનેલા આ યુવકે સગીર યુવતી સાથે બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલાની તે બાદ પિડીતાએ પોતાના પરિવારજનોને જાણ કરતા દક્ષિણ પોલીસ ડીસા શહેરમાં પિડીતાની માતાએ આરોપી વિરુદ્ધ બળાત્કારની ફરીયાદ નોંધાવી હતી. જે બાદ હરકતમાં આવેલ પોલીસે આરોપીને ઝડપી જેલ હવાલે કર્યો હતો.

આ ઘટના અંગેની ડાસા શહેર પોલીસ મથકની મળેલ વિગતો જોતા ડીસાના દક્ષિણ પોલીસ વિભાગમાં આવેલા સિન્ધી કોલોની વિસ્તારમાં શ્રમજીવી પરિવાર રહેતો હતો. આ પરિવારમાં ૧૪ વર્ષીય સગીરાને થોડા દિવસો અગાઉ કિશોર કુમાર કાન્તિલાલ પંચાલ રહે. લુહારવાસ, ડીસાવાળો તારી સાથે વાત કરવી છે તેવું કહી તેને લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયો હતો. જે બાદ આ યુવક આ માસુમ સગીરાને બનાસ નદીના બાવળોની જાડીમાં ખેચી ગયો હતો અને સગીરાની મરજી વિરુદ્ધ તેની સાથે પાસવી બળાત્કાર ગુજાર્યો હતો. બળાત્કાર ગુજાર્યા બાદ આ યુવકે પિડીતાને ધમકી આપતા કહેલ કે જો આ બાબત કોઈને પણ બતાવીશ તો તને જાનથી મારી નાખીશ. જેથી પિડીતા ભયભીત બની હતી. જોકે આ યુવકના ચુગાલમાંથી છૂટતા યુવતી પોતાના પરિવાર પાસે પહોંચી હતી અને તેની સાથે યુવકે કરેલા અધમ કૃત્યની વાત કરી હતી. જેથી ચોંકી ઉઠેલા પરિવારજનોએ આ મામલે દક્ષિણ પોલીસ મથકે પહોંચ્યા હતા અને પિડાતાની માતાએ આરોપી કિશોર કાન્તિલાલ પંચાલ વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવેલ છે કે આરોપી માસૂમ એવી યુવતીની અનેકોવાર પજવણી કરતો હતો અને ધમકાવતો હતો. જેનાથી આ સગીરા સતત ભયમાં જીવતી હતી અને આ ભયભીત સગીરાને જાનથી મારી નાંખવાની ધમકી આપી અપહરણ કરી આરોપીએ તેની સાથે પાસવી બળાત્કાર ગુજાર્યો હતો. જોકે પરિવારની પાસે પહોંચેલી યુવતીને હૂંફ અને રક્ષણ મળતા પોતાની સાથે થયેલા જઘન્ય અને ક્રુણાસ્પદ બનાવની તેણીએ રડતી આંખે વાત કહેતા પરિવારજનો પણ ભાંગી પડ્યા હતા. જોકે પોલીસે અસામાજિક તત્ત્વ એવા આ યુવકને ગણતરીના કલાકોમાં જ જેલ હવાલે કરતા આ ગુનો ડીટેક્ટ થયો હતો.

મહેસાણામાં લગ્નની મૌસમ પૂરબહારે ખીલી

ઊંઝા, તા.૧૨

ઉનાળાના વૈશાખ મહિનામાં ગરમીનો પારો ઉંચે જઈ રહ્યો છે. કાળઝાળ ગરમીનો પ્રકોપ વધતાં લોકો ત્રસ્ત બન્યાં છે ત્યારે આવા વાતાવરણમાં ઠેર ઠેર વ્યક્તિગત તેમજ સમૂહલગ્નોનું આયોજન થઈ રહ્યું છે. વૈશાખ સુદ બીજથી જ લગ્નોની શરૂઆત થઈ છે. અખાત્રીજના શુભ દિવસે વિવિધ સમાજોમાં મોટી સંખ્યામાં વ્યક્તિગત અને સમૂહલગ્નો યોજાયા હતા. હજી લગ્નોની ધૂમ મૌસમ ચાલી રહી છે જે મહિનાની આખર સુધી ચાલુ રહેશે.

વધુમાં ધાર્મિક કાર્યક્રમો મંદિરોમાં દેવી-દેવતાઓની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાય છે. વૈશાખ મહિનાના પ્રારંભથી જ મહેસાણા જિલ્લામાં લગ્નોની મૌસમ પૂર બહારમાં ખીલી ઉઠી છે. લગ્નગાળાને પગલે બજારોમાં જરુરી ચીજવસ્તુઓની ખરીદીનું પ્રમાણ વધી ગયું છે. જો કે કિંમતી ધાતુ સોના અને ચાંદીના ભાવો આસમાને પહોંચતા સામાન્ય ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે આની ખરીદી કરવી મુશ્કેલ બની છે. લગ્નસરાની મૌસમને પરિણામે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ હોલ, વાડી, પાર્ટીપ્લોટ વગેરેનું અગાઉથી બુકીંગ થાય છે. ઉપરાંત બેન્ડવાજા, ઢોલ, શરણાઈ, વાદકો, ઘોડીવાળા, ગોર મહારાજ, રસોઈયા, મંડપ ડેકોરેશન, લાઈટીંગવાળા, માળી, ફોટોગ્રાફી, વિડીયો શુટીંગ અને ટ્રાવેલ્સવાળાને ભારે તડાકો થઈ પડયો છે. આ સાથે ઠંડા મીનરલ વોટર, બરફના ઉત્પાદકો સિઝનનો ગેર લાભ ઉઠાવીને લોકો પાસેથી ઉઘાડી લુંટ ચલાવી રહ્યાની બૂમરાણ ઉઠવા પામી છે.

ભિલોડામાં આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજનો છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ભિલોડા, તા.૧૨

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા હાથમતી નદી કિનારે ડી.બી.ડામોરના ફાર્મ હાઉસમાં શ્રી ડુંગરી ગરાસીયા વિકાસ ટ્રસ્ટ આયોજીત છઠ્ઠો સમુહલગ્નોત્સવ તા.૧૨/૫/૨૦૧૩ને રવીવાર રોજ ૩૦ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આદિવાસી સમાજના અગ્રણી, સમારંભના અધ્યક્ષ-પ્રમુખ આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચ, કલજીભાઈ કટારા,મુખ્ય મહેમાન સંચાલક નર્મદા એનર્જી આઈ.ઓ.સી.પેટ્રોલ પંપ-એવોર્ડ વિનર કમલેશભાઈ નારણભાઈ સોલંકી, ભિલોડા-મેઘરજ ધારાસભ્ય-ડા.અનિલભાઈ જોષીયારા, અશ્વિનભાઈ એલ.કોટવાલ, રમીલાબેન બારા, મંજુલાબેન ટી.પાંડોર, અમૃતભાઈ બરંડા, મંજુલાબેન જીતેન્દ્રભાઈ કટારા, જયવંતીકાબેન ડામોર, કે.એલ.તબીયાડ, જીલ્લા શિક્ષણ અધિકારી મહેસાણા-ડા.કમલેશભાઈ એન.બામણીયા, હિંમતસિંહ કે.કટારા-નિવૃત એ ડીશનલ કલેક્ટર,એલ.કે.કટારા-નિવૃત ડી.વાય.એસ.પી. સહિત આદિવાસી સમાજના અનેક અગ્રણીઓએ નવદંપતીઓને આર્શિવાદ પાઠવ્યા હતા. આદિવાસી સમાજના વિવિધ અગ્રણીઓએ જણાવ્યું હતું કે જ્ઞાતિએ અમારૂ ઘર છે.દરેક જ્ઞાતિજનો અમારા કુંટુંબીજનો છે. સમુહ લગ્નોત્સવનો મુખ્ય ઉદેશ એ છે કે સમય, શકિત અને સંપત્તિનો બચાવ અવશ્ય થાય છે તેમજ જુના બિન જરૂરી અને ખર્ચાળ રીવાજોને તિલાંજલી આપવા જણાવાયું હતું. સમુહ કન્યાદાન કરવાનોઅમુલ્ય લ્હાવો મળે છે. આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજનોછઠ્ઠોસમુહ લગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજના અગ્રણીઓએભારે જહેમત ઉઠાવી હતી.

ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજનો તેરમો સમૂહ લગ્નોત્સવ યોજાશે

તાજપુર કેમ્પ, તા. ૧૨

આજના જમાનામાં ખોટા ખર્ચા અને મોઘેરા લગ્ન ન કરી આર્થિક રીતે પછાત રહી ગયેલા ક્ષત્રિય સમાજના ઉમંરલાયક યુવક યુવતીઓના સમય અંતરે સમાજના રીત રીવાજ મુજબ સમૂહ લગ્નો માનભેર થાય તે માટે ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજ દ્વારા આગામી તા. ૨૧મે ૨૦૧૩ના રોજ સોવનબા રાઠોડ વિદ્યાલય મહુડી તા. માણસા મુકામે તેરમાં સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નોત્સવના ભોજન દાતા દલપતસિંહ, મંડપ ડેકોરેશનના દાતા ગાભુસિંહ તથા જસવંતસિંહ સહિતના ભાવન દાતાઓ અનેક ભેટ સોગાદો આપશે. જ્યારે ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજના પ્રમુખ દિપસિંહ રાઠોડ, પૃથ્વિસિંહજી રાઠોડ વગેરે કાર્યકરો લગ્નોત્સવને સફળ પ્રયત્નો કરી રહ્યા છે.

આગીયોલ ગામની સીમમાંથી ચોર ઈસમો સબમર્સીબલ પંપ અને કેબલવાયરો ઉઠાવી ગયા

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર નજીક આવેલ આગીયોલ ગામની સીમમાંથી કોઈ તસ્કરો સબમર્સીબલ પંપ તથા કેબલ વાયરની મળી કુલ રૂ. ૨૦,૦૦૦ની મત્તા લઈ ફરાર થઈ ગયા હતા. જે અંગે ગાંભોઈ પોલીસ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર હિંમતનગર નજીક આવેલ આગીયોલ ગામમાં અરૂણાબેન વસંતભાઈ મહેતા પોતાના પરિવાર સાથે રહે છે અને ગામમાં જ પોતાની માલિકનું ખેતર ધરાવે છે. જ્યારે પાણીના ઉપયોગ માટે ખેતરમાં ત્રણ હોર્સપાવરની સબ મર્સીબલ પંપ ઈલેક્ટ્રોનિક મોટર તથા કેબલ વાયરોની કોઈ ચોર ઈસમો ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે વસંતભાઈ વાસુદેવ મહેતાની પત્ની અરૂણાબેન મહેતાની ફરિયાદના આધારે ગાંભોઈ પોલીસના એ.એસ.આઈ. રણુસિંહ ભીમસિંહ ફરિયાદ નોંધી ચોર ઈસમોની શોધખોળ હાથ ધરી છે.

બારેશી પ્રજાપતિ સમાજનો સાતમો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ભિલોડા,તા.૧૨

બારેશી પ્રજાપતિ સમાજનો સાતમો સમુહ લગ્નોત્સવ વાંકાનેર હાઈસ્કુલમાં તા.૧૨/૫/૨૦૧૩ ને રવીવારના રોજ યોજાયો.આ પ્રસંગે ૧૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. મહારાજ શ્રી રમણભારથી નારાયણભારથી ગૌસ્વામી-ગોધમજી, પુજ્ય સંત શિરોમણી શ્યામસુંદરદાસજી મહારાજ-વસાઈ, સંત શ્રી જોયતારામ કોદરભાઈ પ્રજાપતિ-ટાકાટુકા સહિત સંતોએ નવદંપતીઓને આશિર્વચ પાઠવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન મોતીભાઈ આર.પ્રજાપતિ-માધવ ગ્રુપ અમદાવાદ, પી.એન.પ્રજાપતિ-જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી-આણંદ, એસ.આર.ઓઝા-તાલુકા વિકાસ અધિકારી-મોડાસા ઉપસ્થિત રહ્યા હતા. બારેશી પ્રજાપતિ સમાજ સમુહ લગ્નોત્સવ સમિતીના પ્રમુખ સંદિપકુમાર કાંન્યાભાઈ ગુર્જર, મંત્રી રમેશભાઈ પ્રજાપતિ, કન્વીનર જીતુભાઈ પ્રજાપતિ સહિત સમાજના અગ્રણીઓએ નવદંપતીઓને આશીર્વચન પાઠવ્યા હતા. બારેશી પ્રજાપતિ સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે સમુહ કન્યાદાન કરવાનો અમુલ્ય લ્હાવો મળે છે. પ્રાર્થનામાં જોડાયેલા બેહાથ કરતાં પણ કન્યાદાનમાં લંબાવેલા એક હાથ વધુ સાર્થક છે.

સમય, શકિત અને સંપત્તિનો બચાવ અવશ્ય થાય છે તેમજ જુના, બિનજરૂરી અને ખર્ચાળ રીવાજો તિલાંજલી આપવા જણાવાયું હતું. બારેશી પ્રજાપતિ સમાજના સાતમો સામુહ લગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા પ્રજાપતિ સમાજના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની

સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો રૂમ બંધ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

- વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
- સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
- વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
- જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન